Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: એકેડેમિક કાઉન્સિલની સભા :-

## -: કાર્યસૂચિ-૨ :-

**તા. : ૨૧/૦૫/૨૦૨૧**
**વાર : શુક્રવાર** **સમય : બપોરે ૧૨:૩૦ કલાકે**

**(૪)** સેનેટ સભ્યશ્રી કનુભાઈ ભરવાડ દ્વારા તેમના તા. ૧૫-૫-૨૦૨૧ના પત્રથી એમ. ફીલ. / પીએચ. ડી. સંશોધન અભ્યાસની થીસીસના મુલ્યાંકન અહેવાલ માટે ખૂબ સમય લાગતો હોય ડીજીટલ માધ્યમનો ઉપયોગ કરવા સાથે સમગ્ર બાહય નિર્ણાયકની નિયુકતી, સમ્મતિપત્ર અને મુલ્યાંકન માટેની પ્રક્રિયા માટે સમય મર્યાદા નકકી કરવા વિચારણા કરવા બાબત.

નોંધ :

૧: સંશોધનાર્થી દ્વારા સિનોપ્સીસ જમા કરાવ્યા બાદ બાહય નિર્ણાયકની પેનલ રીસર્ચ એડવાઈઝરી સમિતિ પાસેથી મેળવી બાહય નિર્ણાયકની નિયુકતી પીએચ. ડી. / એમ. ફીલ. ઓર્ડિનન્સ મુજબ કરવામાં આવે છે. નિયકતીની જાણ કર્યા બાદ સમ્મતિ પત્ર માટે નિયમિત રીતે એક માસ થયેથી રીમાઈન્ડર કરવા સાથે જો બે થી ત્રણ રીમાઈન્ડર બાદ ટેલીફોનિક સંપર્ક કરી સમ્મતિ આપવાની જાણ સાથે ટેલીફોનિક સમ્મતિ મળ્યેથી થીસીસ મુલ્યાંકન માટે રેફરીને મોકલવામાં આવે છે અને જો ના સમ્મતિ હોય અથવા સંપક થઈ શકતો ન હોય તો નવા બાહય નિર્ણાયક નિયુકત કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

૨: સંશોધનાર્થી દ્વારા થીસીસ મુલ્યાંકન માટે જમા કરાવ્યેથી ક્રમાંક (૧) મુજબ નિયુકત બાહય નિર્ણાયકને થીસીસ મુલ્યાંકન માટે મોકલવામાં આવ્યા બાદ નિયમિત રીતે એક માસ થયેથી રીમાઈન્ડર કરવા સાથે જો બે થી ત્રણ રીમાઈન્ડર બાદ ટેલીફોનિક સંપર્ક કરી મુલ્યાંકન અહેવાલ જમા કરાવવાની જાણ કરવામાં આવે છે.

**(અનુસ્નાતક વિભાગ)**
**( બિડાણ : ૩ )**

**(૫)** ડૉ.સ્નેહલ જોષીનાં તા.૨૨/૧૦/૨૦૨૦ના રોજ મેલથી મળેલ પત્ર અંગે કોમ્પ્યુટર સાયન્સ વિષયની અભ્યાસસમિતિએ તેની તા. ૦૭/૦૧/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૭ અન્વયે કરેલ નીચેની ભલામણ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી ફેકલ્ટીએ તેની તા. ૧૦/૦૫/૨૦૨૧ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧ અન્વયે બહાલી આપેલ હોય તે અંગે વિચારણા કરવા બાબત.

**<u>કોમ્પ્યુટર સાયન્સ વિષયની અભ્યાસસમિતિની તા. ૦૭/૦૧/૨૦૨૧ ની સભાની ભલામણ ક્રમાંક : ૭</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ.સ્નેહલ જોષીનાં તા.૨૨/૧૦/૨૦૨૦ના પત્ર ચર્ચામાં લેવામાં આવ્યો અને તે અંગે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

૧. સેમે.–૬ માં આવેલ વિષય ૬૦૪ સેમિનાર પેપરનું નામ ડેઝર્ટેશન કરવામાં આવે જે બાબત Withdraw કરવામાં આવે છે.

૨. સેમે.–૬ માં યોજાતી સેમિનારની પરીક્ષાને સેમે.–૫ ની પ્રેકટીકલની પરીક્ષાને સમકક્ષ ગણવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સેમે.–૬માં યોજાતી બી.સી.એ.ની પેપર–૬૦૪ વિષય સેમિનાર પરીક્ષાને સેમે.–૫ માં યોજાતી પ્રેકટીકલ પરીક્ષા–૫૦૬ ના સમકક્ષ ગણવા માં આવે તે મુજબનો ઠરાવ અગાઉ બોર્ડ દ્વારા કરવામાં આવેલ હતો તથાઆ બાબતેને આગળ ઉપરના તમામસત્તામંડળોમાં થી પારીત કરવામાં આવેલ હતો. આ બાબતને અનુલક્ષીને વધુમાં ઠરાવવામાં આવે છે કે, સેમિનાર–૬૦૪ ની યુનિવર્સિટી દ્વારા આયોજીત પરીક્ષાના પરીક્ષકોને સેમે.–૫ માં યોજાતી પ્રેકટીકલ પરીક્ષા–૫૦૬ ને સમકક્ષ મહેનતાણું આપવામાં આવે. વધુમાં ૬૦૪–પરીક્ષા પ્રોજેકટ પરીક્ષા થી અગલ યોજાતી હોવાથી તેમજ તેના પરીક્ષકો પણ અલગ નિમણૂંક પામતા હોવાથી, પરીક્ષા કેન્દ્રો દ્વારા જરૂરી નિમણૂંકો પ્રકટીકલ પરીક્ષા સેમે.–૫૦૬ ને અનુરૂપ જ કરવામાં આવે તથા તે મુજબનું મહેનતાણું આપવામાં આવે એવી કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફો. ટેકનોલોજી ફેકલ્ટીને ભલામણ કરવામાં આવે છે.

૩. :: આથી ઠરાવવામાં આવે છે કે, બી.સી.એ. કોર્ષમાં સેમે–૧ થી સેમે.–૫ દરમ્યાન ૬ ક્રેડિટ ના પ્રેકટીકલ વિષય માટે બેચ દીઠ સાપ્તાહિક કુલ ૧૨ કલાકનું લેબવર્ક આપવા માં આવે છે જે પૈકીના ૬ કલાકના લેબવર્ક માટે લેબમાં આધ્યાપકની હાજરી અનિવાર્ય રહેશે તથા આ છ કલાક નો વર્કલોડ જ અધ્યાપકનાં કુલ વર્કલોડની ગણતરીમાં લેવામાં આવશે. આ ઉપરાંત વધારાના ૬ કલાકનું લેબવર્ક પણ ફરજીયાત પણે વિદ્યાર્થીએ કરવાનુ રહેશે. જે દરમ્યાન વિદ્યાર્થી લેબમાં સ્વ–અભ્યાસ તેમજ પ્રેકટીસ કરી શકશે. જેનો સમયગાળો આધ્યાપકના વર્કલોડમાં ગણવામાં આવશે નહી. આ વધારાના ૬ કલાકના સમયગાળા દરમ્યાન વિદ્યાર્થી દ્વારા આધ્યાપક પાસેથી માર્ગદર્શન મેળવી શકાશે તથા આ માર્ગદર્શનના સમયને કન્સલ્ટેશન સમય તરીકે જ ગણવામાં આવશે. વધુમાં ઠરાવવામાં આવે છે કે બેચ સાઈઝ અગાઉ નિર્ધારિત કર્યા મુજબની જ રાખવા ફેકલ્ટીને ભલામણ કરવામાં આવે છે.

**<u>કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિદ્યાશાખાની તા. ૧૦/૦૫/૨૦૨૧ ની સભાની ભલામણ ક્રમાંક : ૧</u>**

:: તા. ૦૭/૦૧/૨૦૨૧ ની બોર્ડની સભામાં લેવાયેલા તમામ નિર્ણયોને બહાલી આપવાનો ઠરાવ કરવામાં આવે છે.

**(૬)** પરીક્ષા વિભાગનાં સાયન્સ ફેકલ્ટીમાં આગામી એફ.વાય.બી.એસસી સેમેસ્ટર : ૦૧ની એક્ષ્ટર્નલ પ્રાયોગીક પરીક્ષા જે કોલેજમાં લેવાની બાકી રહેલ ગયેલ છે, તો આગામી લેવાનારી પરીક્ષાઓ કેવી રીતે લેવી તે બાબતે ડીનશ્રી ટેલીફોનીક જણાવેલ છે કે ONLINE લેવી હોય તો તે મુજબ યોગ્ય તે બાબતે વિચારણા કરવા બાબત…

**(પરીક્ષા વિભાગ/સાયન્સ)**

**(૭)** 'જ્ઞાન સંગમ' અંતર્ગત વિનયન, વાણિજય અને વિજ્ઞાનના પ્રથમ વર્ષ માટેના અભ્યાસક્રમો લાગુ કરવામાં આવેલ છે. ત્યાર બાદના ક્રમશઃ અભ્યાસક્રમોની રચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(એકેડેમિક વિભાગ)**

**(૮)(માનનીય કુલપતિશ્રીનાં પગલાંની નોંધ)**

૧. યુનિવર્સિટી ધારાની કલમ ૪૭–એ અન્વયે આર્કિટેકચર વિદ્યાશાખા હેઠળની અભ્યાસસમિતિઓએ પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિઓએ માર્ચ–૨૦૨૧ માં લેવાયેલી બી.આર્કિટેકચર અને એમ.આર્કિટેકચરની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની તૈયાર કરેલી ભલામણ યાદી

તથા

૨. મેડીકલ વિદ્યાશાખા હેઠળની બી.ઓપ્ટોમેટરી (૧ સેમેસ્ટ રેગ્યુલર, ૩ અને ૫ સેમેસ્ટર સપ્લીમેન્ટરી પરીક્ષા)ની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિએ એપ્રિલ–૨૦૨૧માં લેવાનારી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની તૈયાર કરેલ ભલામણ યાદી.

તથા

૩. આર્કિટેકચર વિદ્યાશાખા હેઠળની અભ્યાસસમિતિની પ્રાશ્નિકો/પરીક્ષકોની નિમણૂંક સમિતિએ જુન/જુલાઈ–૨૦૨૧થી લેવામાં આવનાર બી. આર્કિટેકચર અને એમ. આર્કિટેકચરની પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો/પરીક્ષકોની તૈયાર કરેલ ભલામણ યાદી
(ઉપરોક્ત ભલામણ યાદીની નકલ સભાના દિવસે રજૂ કરવામાં આવશે, સભા મળી ગયા બાદ તેજ દિવસે ઉપરોક્ત યાદીને યુનિવર્સિટી કાર્યાલયને પરત કરવાની રહેશે.)

**(૯) અધ્યક્ષશ્રીની મંજૂરીથી અન્ય કોઈ બાબત રજૂ થાય તે.**

**ક્રમાંક : એ/એ.કા./કા.સૂ./૬૫૫૮/૨૦૨૧**
**તા. ૨૦/૦૫/૨૦૨૧**

**ઈ.ચા. કુલસચિવ**

**પ્રતિ,**

**એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....**

# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

**KANU BHARWAD**
Senate Member, VNSGU - SURAT
Member, Akhil Bharatiya Vidyarthi Parishad
+91 99254 70234

વી. ન. દ. ગુ. યુનિ. સુરત
આવક નં...... 989 ........
તારીખ...... 17-5-21

P.G

તા.૧૫-૦૫-૨૦૨૧

પ્રતિ,
આદરણીય કુલપતિશ્રી,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ,
સુરત-૩૯૫૦૦૭

વિષય : M.Phil./Ph.D. ની થીસીસ ચકાસણી માટે ઓનલાઇન મોકલવા બાબત...

માનનીય સાહેબશ્રી,

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં સવિનય જણાવવાનું કે, યુનિવર્સિટીમાં M.Phil./Ph.D. કરતાં વિદ્યાર્થીઓ સંશોધનના અંતે થીસીસ યુનિવર્સિટીમાં જમા કરાવતા હોઇ છે. આ સંશોધનની ચકાસણી યુનિવર્સિટી દ્વારા નિયુક્ત બહારના પીએચ.ડી. સુપરવાઇઝર પ્રોફેસરો કરતા હોય છે. જેનો પ્રથમ સીનોપસીસ અને ત્યારબાદ થીસીસ મોકલ્યા બાદ રિપોર્ટ માટે ખુબ સમય જાય છે. ત્યારબાદ વિદ્યાર્થીને વાયવા માટે બોલાવવામાં આવે છે. હાલમાં અમલ થતી આ પ્રક્રિયા વધારે સમય લે છે અને ઘણી વાર નિયત પત્ર વ્યવહાર અથવા અન્ય કોઇ અડચણને કારણે નિયત સમયમાં પુરી થતી નથી. જેથી વિદ્યાર્થીઓને ડિગ્રી મેળવવા રાહ જોવી પડે છે.

આ બાબતે યોગ્ય માળખું બનાવી ડીજીટલ માધ્યમનો ઉપયોગ કરી સમગ્ર પ્રક્રિયા કરવામાં આવે તો સમયનો બચાવ કરી શકાય. આ ઉપરાંત સમગ્ર પ્રક્રિયાની સમયમર્યાદા પણ નકકી કરવામાં આવે જેથી વિદ્યાર્થીને યોગ્ય સમયમાં સંશોધન કાર્યની સ્વીકૃતિ મળી શકે. સાથે જ પર્યાવરણ જાળવણીની દિશામાં એક નાનકડો પ્રયાસ કરી શકાય.

સહકારની અપેક્ષા સહ.

લિ.
આપનો વિશ્વાસુ,
કનુ ભરવાડ.
કનુ ભરવાડ.